# ગિંઘમ પ્રિન્ટ છે ફેશન ટ્રેન્ડમાં



એક સમયે પિકનિક અને સમર ડ્રેસ ગણાતી ગિંઘમ પ્રિન્ટ હવે ફેશનની દુનિયામાં નવા અંદાજ સાથે ફરી છવાઈ ગઈ છે. એને સ્ટાઈલિશ, મોડર્ન અને ઓફિસ વેરમાં પણ સામેલ કરવામાં આવી રહી છે. નાના નાના ચેકસવાળી આ પ્રિન્ટ ક્યારેક એકદમ સિમ્પલ અને કેઝ્યુઅલ લુક માટે પહેરવામાં આવતી હતી. જો ગિંઘમને યોગ્ય રીતે સ્ટાઈલ કરવામાં આવે તો એ લુકને ક્લાસિક અને ટ્રેન્ડી બનાવી શકે છે.



## ગિંઘમ પ્રિન્ટ ખાસ શા માટે છે?

ગિંઘમની સૌથી મોટી ખૂબી એની બહુમુખી પ્રતિભા છે. એને તમે કેઝ્યુઅલ ડે આઉટિંગ, ઓફિસ, બ્રંચ કે ફ્રેન્ડ્સ સાથે ઈવનિંગ આઉટિંગમાં અલગ અલગ રીતે પહેરી શકો છો. રંગોમાં પણ ઘણા વિકલ્પ મળે છે. ક્લાસિક બ્લેક એન્ડ વ્હાઈટથી માંડી સોફ્ટ પિંક, બ્લૂ, રેડ, ગ્રીન, યલો સુધી. જો તમારા વૉર્ડરોબમાં એક ગિંઘમ પીસ હોય તો એને અલગ અલગ રીતે પહેરી શકાય છે.



## ડ્રેસ અને કો-ઓર્ડ સેટ ટ્રેન્ડ

જો વધારે વિચાર્યા વિના આખો લુક તૈયાર કરવો હોય તો ગિંઘમ ડ્રેસ કે કો-ઓર્ડ સેટ સારો વિકલ્પ છે. એક જ પ્રિન્ટેડ ટોપ અને બોટમ પહેરવાથી આઉટફિટમાં એકરૂપતા રહે છે અને લુક પણ સ્ટાઈલિશ દેખાય છે. ગિંઘમ મીડી કે શર્ટ ડ્રેસને ફ્લેટ્સ અને નાની બેગ સાથે પેર કરી દિવસના સમ પહેરી શકાય. સાંજે હીલ્સ અને સ્ટેટમેન્ટ ઈયરિંગ્ર સાથે એને થોડો ગ્લેમરસ બનાવી શકાય છે.



## સ્ટ્રીટ સ્ટાઇલ

ગિંઘમને માત્ર ફેમિનિન લુક સુધી સીમિત રાખવાની જરૂર નથી. ઓવર સાઈઝ્ડ ગિંઘમ શર્ટને બેગી ડેનિમ, બેઝિક ટી શર્ટ અને સ્નીકર્સ સાથે પહેરી કુલ સ્ટ્રીટ સ્ટાઈલ તૈયાર કરી શકાય છે. તમે ઈચ્છો તો શર્ટનાં બટન ખુલ્લાં રાખી અંદર સોલિડ રંગનું ટી શર્ટ પહેરી શકો. સનગ્લાસિસ અને નાની ક્રોસ બોડી બેગ આ લુકને મોડર્ન બનાવી શકે છે.



## ગિંઘમ બ્લેઝરથી એલિગન્ટ લુક

જો તમે ગિંઘમને થોડા વધારે પોલિશ્ડ અંદાજમાં પહેરવા ઈચ્છતાં હો તો બ્લેઝર કે સ્ટ્રક્ચર્ડ જેકેટ પસંદ કરો. એને પ્લેન ટોપ કે ટ્રાઉઝર સાથે પહેરી શકાય. બ્લેઝર આઉટફિટમાં પેટર્નને બેલેન્સ કરે છે અને સ્માર્ટ લુક આપે છે. ઓફિસથી માંડી ડિનર ડેટ સુધી, યોગ્ય એક્સેસરીઝ સાથે આ પ્રકારના આઉટફિટ સહેલાઈથી કેરી કરી શકાય છે.



## વ્હાઇટ શર્ટ સાથે મેળવો સ્માર્ટ લુક

ગિંઘમને પહેરવાની સૌથી આસાન રીત છે બેઝિક કપડાં સાથે પેર કરવી. જો તમારી પાસે ગિંઘમ પેન્ટ, સ્કર્ટ કે ટ્રાઉઝર હોય તો એની સાથે પ્લેન વ્હાઈટ શર્ટ કે ટોપ પહેરો. એનાથી પ્રિન્ટ નિખરીને દેખાશે અને આઉટફિટ જરૂર કરતાં વધારે ભરેલો ભરેલો લાગશે પણ નહિ. ઓફિસ અને કેઝ્યુઅલ મીટિંગ માટે આ કોમ્બિનેશન ઘણો સારો વિકલ્પ છે.

## કોન્ટ્રાસ્ટ પ્રિન્ટ સાથે એક્સપેરિમેન્ટ

જો તમને ફેશનમાં થોડો એક્સપેરિમેન્ટ કરવાનું ગમતું હોય તો ગિંઘમને બીજી પ્રિન્ટ સાથે પણ પહેરી શકાય છે, પરંતુ સંતુલન જરૂરી છે. જો ગિંઘમ મોટા અને વધુ ઊભરતાં હોય તો બીજી પ્રિન્ટ નાની અને લાઈટ રાખો. ગિંઘમ સ્કર્ટ સાથે નાની પ્રિન્ટવાળું ટોપ અથવા પ્રિન્ટેડ બેગનો ઉપયોગ કરી શકાય.



## સિમ્પલ એક્સેસરીઝ

ગિંઘમ પોતે જ એક આકર્ષક પ્રિન્ટ છે એટલે એની સાથે એક્સેસરીઝ પસંદ કરતી વખતે થોડી સાવચેતી રાખો. નાના હુપ ઈયરિંગ્સ, મિનિમલ નેકલેસ, વોચ કે સ્લીક સનગ્લાસીસ એની સાથે સારાં લાગે છે. ફૂટવેરમાં સ્નીકર્સ, લોફર્સ, બેલી ફ્લેટ્સ કે બ્લોક હીલ્સ પસંદ કરી શકાય.